**Both Arm (BA) અને Both Leg (BL)** દિવ્યાંગતા ધરાવતાં ઉમેદવારોને જે તે સંવર્ગની ભરતી પ્રક્રિયા માટે માન્ય ગણવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક- SJED/DIA/e-file/17/2023/1761/CHH-1 Section
સચિવાલય, ગાંધીનગર
તા.૦૯/૦૬/૨૦૨૩

વંચાણે લીધા:-

(૧) આ વિભાગનો તા.૦૨/૧૨/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૧૯/છ-૧
(૨) તજજ્ઞ સમિતિની તા.૦૬/૧૨/૨૦૨૨ ની કાર્યવાહી નોંધ
(૩) તજજ્ઞ સમિતિની તા.૩૦/૦૫/૨૦૨૩ ની કાર્યવાહી નોંધ

આમુખ:-

દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ, 2016 ની કલમ-૩૩ મુજબ સરકાર હસ્તકનાં મહેકમમાં કેવી દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓ ફરજ બજાવી શકશે તે સુનિશ્ચિત કરવાનું રહે છે. વંચાણે લીધેલ-(૧)નાં ઠરાવથી તજજ્ઞ સમિતિનું ગઠન કરવામાં આવેલ છે. જે રાજ્ય સરકારનાં વિવિધ વિભાગો હસ્તકનાં સંવર્ગો માટે દિવ્યાંગતાનાં પ્રકાર સુનિશ્ચિત કરે છે. Both Arm (BA) અને Both Leg (BL) દિવ્યાંગતા જે તે સંવર્ગ માટે માન્ય રાખવામાં આવેલ ન હોવાથી બંને પગ અથવા બંને હાથની દિવ્યાંગતા ધરાવતા હોવા છતાં સામાન્ય માણસની જેમ સક્ષમ રીતે કાર્ય કરી શકતા ઉમેદવારોને ફિલ્ડ વર્ક જરૂરી હોય તેવી જગાઓ માટે અરજી કરવાની તક આપવામાં આવતી નથી અને તેમને અન્યાય થતો હોવાની રજૂઆત વિભાગને તથા કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેનાને મળતી હોવાથી ફિલ્ડ વર્ક જરૂરી હોય તેમજ ટેકનિકલ વર્ક જરૂરી હોય તેવી જગાઓ માટેની જાહેરાતમાં Functional requirement ની સ્પષ્ટતા કરીને BA અને BL દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને અરજી કરવાની શરતી મંજુરી આપવાનો નિર્ણય વંચાણે લીધેલ ક્રમાંક-(૨) આગળની કાર્યવાહી નોંધથી તજજ્ઞ સમિતિની તા.૦૬/૧૨/૨૦૨૨ ની બેઠકમાં કરવામાં આવેલ. આ કાર્યવાહી નોંધ મર્યાદિત વિભાગોને જ પરિપત્રિત થયેલ હોવાથી સચિવાલયનાં અન્ય વિભાગોને તે અંગેની જાણકારી આપવા સારુ તે નિર્ણય ઠરાવ સ્વરુપે પ્રસિદ્ધ કરવાનો નિર્ણય તા.૩૦/૦૫/૨૦૨૩ ની રોજ મળેલ તજજ્ઞ સમિતિની બેઠકમાં લેવાયેલ જે અન્વયે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

રાજ્ય સરકાર હસ્તકનાં મહેકમનાં જે તે સંવર્ગની કામગીરી માટે જરૂરી Functional requirement જેમ કે walking, typing, crouching વગેરે નક્કી કરીને, ફિલ્ડ વર્ક કે ટેકનિકલ વર્કનાં સંવર્ગો સહિતનાં તમામ સંવર્ગોની ભરતીની જાહેરાતમાં સંબંધિત વિભાગે નીચે મુજબની સ્પષ્ટતા કરીને બંને હાથ(BA) અને બંને પગ(BL) પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને અરજી કરવાની મંજુરી આપવાની રહેશે.

1. બંને હાથ(BA) અને બંને પગ(BL) ની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ કોઇ કૃત્રિમ અવયવની મદદ સાથે કે વિના સામાન્ય વ્યક્તિની જેમ હલનચલન કરવા તેમજ ફરજ બજાવવા સક્ષમ હોવી જોઇશે.
2. આવા ઉમેદવાર લેખિત પરીક્ષા કે ઇન્ટરવ્યુમાં ઉત્તીર્ણ થાય ત્યારબાદ જે તે સંવર્ગની ફરજોનાં સંદર્ભમાં આવા ઉમેદવાર માટે મેડિકલ બોર્ડનો અભિપ્રાય સંબંધિત વહિવટી વિભાગ દ્વારા મેળવવામાં આવશે. આ અભિપ્રાયના આધારે ઉમેદવાર જે તે સંવર્ગમાં નિમણૂંક માટે લાયક કે ગેરલાયક છે તે વહીવટી વિભાગે નક્કી કરવાનું રહેશે.
3. આ ઠરાવનો અમલ દરેક વિભાગોએ તેમની હવે પછીની દરેક ભરતી પ્રક્રિયા માટે કરવાનો રહેશે. તેમજ હાલમાં જો કોઇ ભરતી પ્રક્રિયા ચાલું હશે અને કોઇ BA/BL પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારે સામાન્ય કેટેગરીમાં કે અન્ય પ્રકારની દિવ્યાંગતાની કેટેગરી હેઠળ અરજી કરેલ હશે તો પણ તેઓને ભરતી પ્રક્રિયામાંથી પસાર થવાની મંજૂરી આપવાની રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમનાં નામે,

eSign
Signed by: GIRISHCHANDRA P PATEL
Location: Ahmedabad, India
Organization Unit: Social Justice and Empowerment Department
Date: 09-Jun-2023 (05:21 PM)

(જી.પી.પટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિ. વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીનાં મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સરદાર ભવન, ગાંધીનગર.
- અ.મુ.સ.શ્રી(સા.ન્યા.અને અ.વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ
- સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.